# ખ-૧ સર્કલ નજીક લાગેલી આગ જાગૃત યુવાનની સમય સૂચકતાથી કાબુમાં આવી

## બપોરના સુમારે લાગેલી આગ નજીક વાહનો પાર્ક કરાયેલા હતા : નોકરીથી પરત ફરતા યુવાને પોતાના ખર્ચે ટેન્કરના પાણીનો છંટકાવ કર્યો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના ખ-૧ સર્કલ નજીકના સેક્ટર-૪ના ખૂણે આજે બપોરે રોડ સાઈડની ઝાડીઓમાં આગ લાગી હતી. આગ લાગી હતી તેની નજીકમાં જ કેટલાંક વાહનો




પણ પાર્ક થયેલા હતા પરંતુ લગભગ બપોરે અઢી વાગે અમદાવાદમાં પોતાની નોકરી પરથી પરત ફરી રહેલા એક યુવાનની સમયસૂચકતાને કારણે આ આગ બુઝાવી દેવાઈ હતી જેથી મોટુ નુકશાન થતાં અટક્યુ હતુ. જોકે આગ લાગવાનું કારણ તો ખબર પડી નહોતી પરંતુ ઘટનાસ્થળે બળી ગયેલી હાલતમાં વિદેશી દારૂની બોટલોનો ઢગલો જોવા મળતા એકઠાં થયેલા રહીશોમાં આગ કોઈક દ્વારા લગાડવામાં આવી હોવાની ચર્ચાએ જોર પકડ્યુ હતુ.

ગાંધીનગરના યુવાન મેહુલ તુવાર જ્યારે અમદાવાદથી નોકરી પતાવી પોતાના બાઈક પર પરત ફરી રહ્યા હતા ત્યારે બપોરે અઢી વાગ્યાના સુમારે ખ-૧ સર્કલ નજીક જંગલની ઝાડીઓમાં આગ લાગેલી જોઈ હતી. આગ જોતા જ તેમણે પોતાની બાઈક થોભાવી આસપાસના રહીશોને જાણ કરી હતી કેમકે આગથી થોડેક જ દૂર કેટલાક વાહનો પણ પાર્ક કરાયેલા તેમણે જોયાં હતા. મેહુલ તુવાર તથા રહીશોએ પાણીની ડોલો રેડી આગ બુઝાવવા પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે રોડ પરથી એક પાણીનુ ખાનગી ટેન્કર પસાર થઈ રહ્યુ હતુ તેને જોઈને મેહુલ તુવારે રોકી આગ ઓલવવા માટે મદદરૂપ થવા વિનંતી કરી હતી અને આ માટે તેમણે પોતાના ખિસ્સામાંથી રૂ. ૨૦૦ ટેન્કર ચાલકને ચુકવ્યા હતા. ટેન્કર ચાલક સાથે મળીને તેમણે ઝડપથી આગ બુઝાવી દીધી હતી અને ત્યારબાદ તેમણે ફોન નં. ૨૩૨૧૦૯૧૪ પર ફોન કરી સ્થાનિક પોલીસનો સંપર્ક સાધવા પ્રયાસ કર્યો હતો. જોકે આ નંબર પર ફરજ પરના પોલીસ કર્મીએ તેમને સેક્ટર-૭ પોલીસ સ્ટેશને રૂબરૂ જઈ ફરિયાદ નોંધાવવા જણાવ્યુ હતુ. આ સાથે મેહુલ તુવારે વન વિભાગના કર્મચારી વેચાતભાઈ ઠાકોર જેઓ સેક્ટર-૪ અને ૫ માં ફરજ બજાવે છે તેમનો સંપર્ક કરતા તેઓ ચોકીદાર અદાજી સાથે ઘટનાસ્થળે ધસી આવ્યા હતા. જોકે આગમાં કોઈ વૃક્ષોને નુકશાન થયું નહોતુ અને માત્ર સૂકા પાંદડા જ બળ્યા હોવાથી તેમણે હાશકારો લીધો હતો.

### દારૂની બોટલોના પુરાવાનો નાશ કરવા આગ લગાડાઈ ??

આગ લાગવાના સ્થળે એક સાથે પાંચ સાત વિદેશી દારૂની ખાલી બોટલો તેના પેકિંગ સાથે બળેલી હાલતમાં જોવા મળી હતી. આ અંગે મેહુલ તુવારે પોલીસને ફોન પર ધ્યાન દોર્યુ હોવા છતાં પોલીસે આગ કાબુમાં આવી ગઈ હોવાનું જણાવી લેતા દારૂની બોટલો અંગે વધુ ''તપાસની જરૂર નથી, આવુ તો ત્યાં થતુ જ હોય છે'' તેવો જવાબ આપી રૂબરૂ તપાસમાં આવવાનું ટાળ્યુ હતુ તેમજ સેક્ટર-૭ પોલીસ સ્ટેશને રૂબરૂ જઈ ફરિયાદ નોંધાવવા જણાવ્યું હતું. ઘટનાસ્થળે એકત્ર થયેલા નાગરિકોનું માનવું હતું કે દારૂ પીનારાઓએ જ તેમના પુરાવાનો નાશ કરવા આગ લગાડી હશે અને પોલીસ દારૂબંધીનો અમલ કરાવવામાં નાકામયાબ છે તેવો મત વ્યક્ત કર્યો હતો.

### પર્યાવરણપ્રેમી મહેલુ તુવારની સમય સૂચક્તા

મેહુલ તુવાર ''ગાંધીનગર ચમકાવું છે'' નામનું ફેસબુક પેજ તથા વ્હોટસએપ ગૃપ ચલાવી રહ્યાં છે. જેના દ્વારા તેઓ ગાંધીનગરની સ્થાનિક સમસ્યાઓના ઉકેલ માટે વહીવટીતંત્રને રજૂઆતો કરી પ્રયાસો કરે છે. આ સાથે તેઓ પર્યાવરણપ્રેમી છે અને વિશ્વ પર્યાવરણ દિવસે જ તેમણે ગૃપ સાથે મુક્તિધામ સ્મશાને અંદાજે ૧૫૦ જેટલા વૃક્ષોનું વાવેતર કર્યુ હતુ.

# નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી અડાલજ પોલીસ

અડાલજ પોલીસ મથકના પીઆઈ કે.જી.ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ પી.એન. પઢીયાર અને તેમની ટીમના સભ્યો અડાલજ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સાથે રહેલા આશિષસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે અડાલજ પોલીસ મથકે પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા કેટલાક સમયથી નાસતો-ફરતો આરોપી વિરારામ સદાજી રબારી (દેવાસી) (રહે. કોઠારગામ, તા.બાલી, જી.પાલી રાજસ્થાન) રાજસ્થાનથી અમદાવાદ તરફ લકઝરી બસમાં આવી રહ્યો છે તેવી બાતમી પોલીસને મળી હતી.

# ગુજરાતમાં ૧ ૩થી ચોમાસાનું આગમન થાય તેવી સંભાવના

## નવસારી-વલસાડ સહિતના પથંકોમાં વરસાદની શરૂઆત થઇ ગઇ છે : ચોમાસાને લઇને ખેડૂતોમાં ખુશીનો માહોલ

ગાંધીનગર, તા.૮

દેશમાં કેરળ સહિત અનેક રાજ્યમાં વિધિવત રીતે ચોમાસાનું આગમન થઈ ગયું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી ૧૩ જૂનની આસપાસ ગુજરાતમાં વરસાદની શરૂઆત થશે. રાજયમાં ઓલરેડી ગઈકાલથી પ્રિ-મોનસૂન એક્ટિવિટી શરૂ થઈ ગઈ છે અને તેના ભાગરૂપે રાજ્યના નવસારી-વલસાડ સહિતના પથંકોમાં વરસાદ વરસ્યો હતો. ચોમાસાની એન્ટ્રીને લઈ રાજયના ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ખેડૂતો ચાતક નજરે વરસાદની રાહ જોઈ રહ્યા છે, તો બીજીબાજુ, શહેરી વિસ્તારમાં પ્રજાજનો પણ હવે કાળઝાળ ગરમીથી ત્રાહિમામ્ કંટાળ્યા હોઈ તેઓ પણ ચોમાસાના વરસાદ અને ઠંડકની ભારે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ વખતે ચોમાસુ એકંદરે સારૂં અને રાહતમય રહેવાની આગાહી પણ હવામાન ખાતાએ કરી છે, જેને લઈ રાજયના ખેડૂતો સહિતના પ્રજાજનોમાં પણ ભારે ખુશીની લાગણી પ્રસરી છે.

ઉનાળાની ત્રણ મહિનાની કાળઝાળ ગરમી બાદ ગઈકાલે દક્ષિણ ગુજરાતમાં પ્રિ-મોન્સુન એકટીવીટીની શરૂઆત થઈ ગઈ હતી અને નવસારી, વલસાડ સહિતના પંથકોમાં વરસાદની શરૂઆતથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. વરસાદની એન્ટ્રીને લઈ સ્થાનિક લોકોમાં ગરમીથી રાહતની લાગણી જોવા મળી હતી. રાજ્યના મોટાભાગના વિસ્તારમાં બે દિવસ બાદ ગરમીમાં રાહત થાય તેવી શક્યતાઓ છે. આગામી સપ્તાહ સુધીમાં ચોમાસાનું પણ આગમન થવાની પૂરી શકયતા છે. છેલ્લા વર્ષ કરતા આ વર્ષે ગરમીનો પારો વધારે હોવાથી ગુજરાત સહિત સમગ્ર દેશમાં પાક અને પાણી જેવી સમસ્યાઓથી લોકો પીડાયા છે. ઉપરાંત ગરમીના કારણે કેટલીક મોતની ઘટનાઓ પણ સામે આવી હતી.

તો બીજી તરફ હવામાન વિભાગ દ્વારા જાણવા મળ્યું છે કે. આ વખતે ચોમાસું સારૂ અને લાંબુ રહેશે. જેથી દેશવાસીઓ ખાસ કરીને ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. હવામાન ખાતાની આગાહી મુજબ, આગામી તા.૧૩મી જૂનની આસપાસ ગુજરાતમાં ચોમાસાની એન્ટ્રી થવાની શકયતા છે.



વિશ્વ વિખ્યાત ભાંગડા કીંગ પંજાબી પોપસ્ટાર તથા વર્લ્ડબુક ઓફ રેકોર્ડના બ્રાન્ડ એમ્બેસેડર દલેર મહેંદી ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. ત્યારે વર્લ્ડબુક ઓફ રેકોર્ડ્સના ગુજરાત પ્રેસિડન્ટ અશ્વિનભાઈ ત્રિવેદી તથા પરિવાર દ્વારા તેમનુ ભાવભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું.

# સે-૭ ચૌધરી કોલેજના મીટર બોક્સમાં આગ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરની શૈક્ષણિક સંસ્થા સેકટર-૭ સ્થિત ચૌધરી કોલેજના મીટર બોક્ષમાં આજે બપોરના સુમારે અચાનક શોર્ટ સર્કિટથી આગ ભભુકી ઉઠી હતી. આગની ઘટના બનતા જ કોલેજ સ્ટાફ અને હાજર કર્મચારીઓએ તાત્કાલીક પોતની પાસે રહેલા ફાયરના સાધનોથી આગ પર કાબુ મેળવી લીધો હતો. ઘટનાને લઈ ફાયર અને ટોરેન્ટ પાવરને જાણ કરવામાં આવતા તુરંત જ ફાયરની ટીમ અને ટોરેન્ટ પાવરના કર્મચારીઓ પણ દોડી આવ્યા હતા અને સ્થિતિનું નિરીક્ષણ કર્યુ હતું.વેકશનમાં કોલેજ બંધ હોવાથી તેમજ આગ ગણતરીની મીનીટમાં કાબુમાં આવી જતા કોલેજ તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

# નિસર્ગ સાયન્સની ટીમે સાબરમતી સ્વચ્છતા અભિયાનમાં યોગદાન આપ્યું

ગાંધીનગર, તા. ૮

ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તા. ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસથી અમદાવાદમાં સાબરમતી નદીને સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરી છે. આ અભિયાનમાં આજે ગાંધીનગરના નિસર્ગ સાયન્સ સેન્ટરની ટીમ પણ જોડાઈ હતી અને પોતાનું યોગદાન આપ્યું હતું.

ગાંધીનગરના નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરની ટીમે સાબરમતીમાં એક સ્થળ પકડી તેની સંપૂર્ણ સફાઈ કરી હતી જેમાં તેમણે ચુંદડીઓ, પૂજાપો ભરેલી પ્લાસ્ટિકની થેલીઓ, તુટેલી મૂર્તિઓ વગેરે મળીને ૧૦ થેલા કચરો એકત્ર કર્યો હતો. રીવરફ્રન્ટ નજીક સ્વચ્છતા માટે એકત્ર થયેલી સ્વૈચ્છિક સંસ્થાઓના મેળા જોવા માહોલમાં નિસર્ગ સાયન્સની ટીમે અંત સુધી કાર્ય કર્યુ હતુ. આ પ્રસંગે નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલે જણાવ્યુ હતુ કે 'સાબરમતીએ માત્ર અમદાવાદની નથી આપણા સૌની છે. વળી ગાંધીનગર થઈને અમદાવાદ જતી હોવાથી પહેલા ગાંધીનગરની છે તેથી ગાંધીનગરવાસીઓની પણ જવાબદારી બને છે કે તેને સ્વચ્છ રાખવામાં યોગદાન આપે. આપણે સૌએ હવે પર્યાવરણ અંગે ચિંતા કરી નદીઓમાં કચરો-પુજાપો વગેરે ઠાલવાનું સદંતર બંધ કરવું પડશે.'



**તસવીર ખુદ બોલે છે..!!!**

તાજેતરમાં જ આપણે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરી છે અને તેમાં સતત કપાતા જતાં વૃક્ષોની ચિંતા કરી છે. ઉનાળાના અંતિમ ચરણમાં જે રીતે ગરમીનો પારો નવા વિક્રમો સ્થાપી રહ્યો છે તે જોતા દરેકને હવે આ કપાતા જતા વૃક્ષોનું મહત્વ સમજાતુ જાય છે. જોકે ગાંધીનગરના અતિવ્યસ્ત કોમર્શિયલ વિસ્તાર સેક્ટર-૧૧ માં રામકથા મેદાનનું આ દશ્ય વગર કોઈ શબ્દ બોલે વૃક્ષોના મહત્વને સુપેરે સમજાવી રહ્યું છે.

# જમીયતપુરાની ઝાડીમાં યુવકને માર મારી લૂંટનાર આરોપીઓની ધરપકડ

ગાંધીનગર, તા. ૮

અડાલજ નજીક જમીયતપુરાની ઝાડીઓમાં છારોડીના યુવકને લુંટી લેવાયો હોવાની ઘટના સામે આવી હતી. આ કેસને ગણતરીના કલાકોમાં અડાલજ પોલીસે ઉકેલી દઈ મહિલા સહિત ત્રણ આરોપીઓને દબોચી લીધા છે. આ ગેંગના સભ્યોએ છ માસ અગાઉ આ જ પ્રકારથી ગોધરાના વેપારી પાસેથી રૂ. ૯ લાખની કાર, અને રૂપીયા પડાવી લીધા હતા. આ કેસમાં તેઓ ત્રણેક માસથી જેલની હવા ખાતા હતા.તાજેતરમાં જ જેલમાંથી છુટેલા મહિલા સહિતના સભ્યોએ અડાલજ પાસે હની ટ્રેપ ગોઠવી બીજા વેપારીને લુંટી લીધો હતો. આ બનાવની ફરીયાદ નોંધાતા સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ પી.એન.પઢીયારને તપાસ સોંપતા ગણતરીના કલાકોમાં ઈ-ગુજ કોપની મદદથી અને સમયસુચકતા વાપરીને ત્રણેય આરોપીને પકડી પાડ્યા હતા.

ગાંધીનગર-સરખેજ માર્ગ પર અડાજલ પાસે બુધવારના રોજ સાંજે અજાણી યુવતિને લીફટ આપી હતી અને નંબરોની આપ લે દશક્રોઈના કરણજી ઠાકોરે કરી હતી. બુધવારના રોજ મોડી રાત્રીના સમયે કરણજી ઠાકોરને મદદના બહાને બોલાવી આ ગેંગના સભ્યોએ જમિયત પુરાની ઝાડીઓમાં લુંટી લીધો હતો. પોલીસે આ ગુનામાં ગણતરીના કલાકોમાં સજનબેન ભૈરૂસિંગ સિસોદીયા, અજયસિંહ અજીતસિંહ ચાવડા, તેમજ પ્રકાશ કિશોર યાદવને લુંટના મુદામાલ સાથે કલોલમાંથી દબોચી લીધા હતા.

અડાલજ ખાતે આ પહેલા પણ આ પ્રકારની ઘટના સામે આવી હતી જેમાં ગોધરાના બિજલભાઈ ભરવાડ દાહોદ ખાતે જયગોપાલ ટ્રાવેલ્સના માલિક છે. તેમની સાથે પણ આ ગેંગના મહિલા સભ્યોએ ઓળખાણ વધારી ગત ડિસેમ્બર માસમાં મળવા માટે બોલાવ્યા હતા અને રાત્રીના બાર વાગ્યાના અરસામાં ભોયણ રાઠોડ ગામ પાસે માર મારીને લુંટી લીધા હતા. અડાલજ પોલીસે ફરિયાદીને આરોપીઓની તસવીર બતાવી હતી. જેમાં પહેલા લુંટમાં સંડાવાયેલી હતી તેવી યુવતિ હોવાનું ફરીયાદીએ જણાવ્યું હતું.



સર્વ વિદ્યાલય સંકુલમાં એસ.જી. એસ.વી., શિવહરી પ્રાથમિક શાળાના શિક્ષકો માટે વિષય વસ્તુને એકટીવીટીમાં રજુ કરવાના વિષય પર ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. અર્જુન સર, વિશાલ સર અને અનુપમ દાસ ગુપ્તા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શિક્ષકો દ્વારા ટ્રેનિંગના અંતે ડેમો પણ અપાયો હતો. દરેક શિક્ષકોએ ટ્રેનિંગમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# બાળકીના હત્યારાને જોઈને નીતિન પટેલ ભારે લાલઘૂમ

## હોસ્પિટલમાં જરૂર ન હોય ત્યારે લાઇટ-પંખા સહિત વીજ ઉપકરણો બંધ રાખીને વીજબચત કરવા સહિતના સૂચનો

અમદાવાદ, તા.૮

રાજયના નાયબ મુખ્યમંત્રી અને આરોગ્યમંત્રી એવા નીતિન પટેલે આજે અચાનક સરપ્રાઈઝ વીઝીટના ભાગરૂપે ૧૨૦૦ બેડની નવી સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. આ દરમિયાન હોસ્પિટલમાં જે જગ્યાએ આરોપીઓને રાખવામાં આવ્યા હતા, ત્યાં આરોગ્યમંત્રી પહોંચ્યા ત્યારે તેમનો ભેટો મેઘાણીનગરમાં ૨૦ દિવસની બાળકીના હત્યારા સાથે થયો હતો. નીતિન પટેલ આ હત્યારાને જોઈ ખફા થયા હતા અને તેને પૃચ્છા કરી હતી કે, કેમ આટલી માસૂમ બાળકીની હત્યા કરી ? કેમ આ પ્રકારે હત્યા કરે છે? જો કે, નરાધમ અને નફફટ આરોપી તેનો કોઈ સરખો પ્રત્યુત્તર વાળી શકયો ન હતો. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની મુલાકાત દરમ્યાન સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડો.એમ.એમ.પ્રભાકરે સતત સાથે રહી સમગ્ર હોસ્પિટલની કામગીરી અને આરોગ્ય વિષયક સેવા સહિતના મુદ્દાઓની ઝીણવટભરી માહિતી અને જાણકારી તેમને પૂરા પાડયા હતા. પોતાની મુલાકાત દરમ્યાન નીતિન પટેલે ખુદ કેટલાક દર્દીઓ સાથે વાતચીત કરી તેમની તકલીફો જાણવાનો પ્રયાસ પણ કર્યો હતો. દરમ્યાન વીએસ હોસ્પિટલ સંકુલમાં ઉભી કરાયેલી અદ્યતન એસવીપી અંગે પૂછાયેલા એક પ્રશ્નના પ્રત્યુતરમાં તેમણે જણાવ્યું કે, એસવીપીમાં ગંભીર રોગના દર્દીઓ માટેની સારવાર ઉપલબ્ધ બનાવાઈ છે, જયારે જૂની વીએસને સંપૂર્ણ ચાલુ રાખવા માટે મેયર અને કમિશનર પ્રયાસ કરી રહ્યા છે. હવે હું ગમે ત્યારે મહિને કે બે મહિને દિવસ અથવા તો રાત્રે સિવિલની ઓચિંતિ મુલાકાત લઈશ. આ સિવાય નીતિન પટેલે હોસ્પિટલમાં ચાલતી કામગીરીનું નિરિક્ષણ કરી કેસ બારી પર દર્દીઓઓ સંબંધિત સ્ટાફને સુધારા કરવા માટે સૂચના આપી હતી. આ ઉપરાંત સ્ટાફ અને નીતિનભાઈની વાતચીત વચ્ચે કાચ હોવાથી નીતિનભાઈને અવાજ સંભળાતો ન હોવાથી તાત્કાલિક કાચમાં અવાજ આવી શકે તે રીતે કાચ કાપવા જણાવ્યું હતું. તેમજ દર્દીઓના સગાને મળીને હોસ્પિટલમાં કેવી સારવાર મળે છે તે અંગે પૂછપરછ કરી માહિતી મેળવી હતી. આ સિવાય સારવાર લેવા આવેલી મહિલા દર્દીઓની મુલાકાત લઈ બાળકો અને મહિલાઓને કેવી સારવાર મળે છે, ધક્કા ખાવા પડતા નથીને? મીડિયા સાથે વાતચીત કરતા નીતિન પટેલે જણાવ્યું કે, એક માસમાં જુની હોસ્પિટલનો સમાન શિફ્ટ થયો છે. સ્ત્રી રોગ, બાળ રોગનો વિભાગ શરૂ થઈ ગયો છે. નજીકના ભવિષ્યમાં અલગ અલગ વિભાગ અહીં શિફ્ટ થશે. દર્દીઓ સજા થઈ હસતા હસતા ઘરે જાય તે રીતે વ્યવસ્થા કરવી છે, અત્યાર સુધી ૩૧ હજાર દર્દીઓએ અહીં સારવાર લઈ ચૂક્યા છે. ઓછા વજન વાળા અને ગર્ભમાં બીમાર થયેલા બાળકોનો જન્મ થયો હોય તેની અદ્યતન સારવારની સુવિધા ઉપલબ્ધ થઈ છે.મેં કેટલીક સૂચનાઓ પણ આપી છે. કેસ બારી પર ગુજરાતી અને હીન્દી બોલી શકે તેવી સુવિધા છે. સર્જિકલ, સુપર સ્પેશિયાલિટી અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ વિભાગ જેવા વિભાગો અહિં ટ્રાન્સફર કરવામાં આવશે. મોટી સિવિલ હોસ્પિટલ પર જે ભારણ હતું, તે હવે દૂર થયુંછે. જ્યારે અન્ય રાજ્યમાંથી આવનારા દર્દી લગભગ ૫૦ ટકા કરતા વધુ છે. ચાલુ દિવસે એક હજાર દર્દીઓ આવે છે. સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડન્ટ ડો.એમ. એમ.પ્રભાકરે પણ આરોગ્યમંત્રીએ આપેલી સૂચના અને માર્ગદર્શનની અમલવારી માટે તાબાના સ્ટાફ અને અધિકારીઓને તાત્કાલિક સૂચના જારી કરી દીધી હતી.

**વૉટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો)**
WASMO
૩જો માળ, જલસેવા ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન: +૯૧ ૦૭૯ ૨૩૨૪૭૧૭૦, ૨૩૨૪૭૧૭૧, ૨૩૨૩૭૦૭૫, ફેક્સ: +૯૧ ૦૭૯ ૨૩૨૪૭૪૮૫
Email : wasmo@wasmo.org, Web site : www.wasmo.org

**જાહેર નિવિદા**

વૉટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો) ગાંધીનગરની કચેરી ત્રીજા માળે, જલસેવા ભવન ખાતે રીનોવેશન કામગીરી વખત નીકળેલ પાર્ટીશન, વાયર, ઈલેક્ટ્રીક સામાન, ગ્લાસ, ટેબલ તથા અન્ય માલ સામાનની જાહેર હરાજી તા. ૧૮/૬/૨૦૧૯ના રોજ ૧૨.૦૦ કલાકે વાસ્મો ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. આ હરાજીમાં રસ ધરાવતા ઠેકેદારશ્રીઓને હાજર રહેવા જણાવવામાં આવે છે. તથા હરાજીમાં ભાગ લેવાની શરતો વાસ્મો, ત્રીજા માળે, જલસેવા ભવન, ગાંધીનગર પાસેથી હરાજીના એક દિવસ પહેલા કચેરી સમયગાળા (૧૦.૩૦ થી ૬.૧૦ કલાક) વચ્ચે મેળવી લેવાની રહેશે. હરાજીમાં ભાગ લેવા માટેની રકમનો શેડ્યુલ્ડ બેંકનો ડીડી અવશ્ય સાથે લઈને આવવાનો રહેશે. અન્યથા હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહીં.

હરાજી અંગેની આખરી સત્તા અત્રેની કચેરીની રહેશે તે અંગે કોઈ વિવાદ ઉપસ્થિત કરી શકાશે નહિ.

સહી/-
પ્રોજેક્ટ ડાયરેક્ટર
વાસ્મો, ગાંધીનગર

માહિતી/૨૭૬/૧૯-૨૦

ગ્રામ્ય કક્ષાની પીવાના પાણીની સમસ્યા માટે રાજ્ય કક્ષાએ દિવસરાત કાર્યરત કંટ્રોલ રૂમ ટોલ ફ્રી નંબર ૧૯૧૬ પર પાણી સંબંધિત ફરિયાદ / સુચનો કરી શકાય છે.

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ** ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ